
## બનાસકાંઠા જિલ્લાના ટેટોડા ગૌશાળા ના નિભાવ માટે ૭ દિવસીય કથા અને ડાયરાનું આયોજન કરાયું



બનાસકાંઠા માં સતત ચાર વર્ષ થી નદી પૂર, કોરોના તેમજ મોંઘવારી ની માર સહન કરી રયું છે જેના કારણે ટેટોડા ગૌ શાળા ચલાવવા મા મોટો મુશ્કેલી ઓ પાડી રહી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, શ્રી રાજારામ ગૌશાળા ટેટોડા માં અંદાજે ૫ હજાર ની આસપાસ ગાયો છે . જેમાં ઘણી બીમાર તો ઘણી નાતંદુરસ્ત ગાયો છે. કોરોના કાળ પછી દાન અને સરકારી સહાય બંધ થઈ ગઈ છે હાલ ગાયો નો નિભાવ ખર્ચ પહોંચી વળાય એવી પરિસ્થિતિ નથી. સરકારે સહાય ની જહેરાત કરી પણ આવી નથી. પરિણામે ગૌશાળા ના નિભાવ માટે ટ્રસ્ટીઓ એ કથા અને ડાયરા નું આયોજન કર્યુ છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે. જોષીનો અહેવાલ જણાવે છે કે, જે સાત દિવસ ચાલશે સાત દિવસ અખડ રામધૂન- માણભટ્ટ આખ્યાન અને ભવ્ય લોકડાયરા નો કાર્યક્રમ નું આયોજન તા૧.૬.૨૦૨૨ થી તા ૭.૧.૨૦૨૨ સુધી કરેલ છે જેનો આશય માત્ર ને માત્ર ધાર્મિક ભાવના અને ગૌશાળા માં દાન આવે એ થકી ગૌશાળા માં ગાયો નો નિભાવ થઈ શકે તેમ છે.

## ધાનેરા તાલુકાના થાવર ગામે જીગ્નેશભાઈ મેવાણીએ સર્વ સમાજ સંવેદના સભા સંબોધી



ધાનેરા તાલુકાના થાવર ગામે હેલીપેડ ખાતે દલિત નેતા અને વડગામના ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણી ની અધ્યક્ષતા માં સર્વ સમાજ જન સંવેદના સભા યોજાઈ હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણી નું ધાનેરા તાલુકાના સામરવાડા ગામે ધાનેરા ના ધારાસભ્ય નથાભાઈ પટેલ પૂર્વ ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ અને કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું . અને તે બાદ ત્યાંથી વિશાળ બાઈક રેલી યોજાઈ હતી .ધાનેરા ખાતે આવેલ બાબાસાહેબની પ્રતિમાને વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી ધાનેરા ધારાસભ્ય પૂર્વ ધારાસભ્ય બાબાસાહેબની પ્રતિમાને ફુલહાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સભા સ્થળે પહોંચ્યા હતા સભા સંબોધી હતી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. અને લોકોને પણ જાગવા માટે જાગૃત કર્યા હતા અને ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં ખૂબ જ બહુમતીથી કોંગ્રેસને વિજયી બનાવવા માટે અપીલ પણ કરી હતી. આ કાર્યક્રમમાં દલિત નેતા જીગ્નેશ મેવાણી સહીત કોંગ્રેસી ધારાસભ્ય કોંગ્રેસી અગ્રણીઓ અને મોટી સંખ્યા માં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## ધનસુરાના નવી શિણોલ ગામે શ્રી રામજી મંદિર ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે



ધનસુરા ના નવી શિણોલ ગામે શ્રી રામજી મંદિર નું ભવ્ય નિર્માણ કરવામાં આવ્યું છે નવી શિણોલ ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે.નવી શિણોલ ગામે શ્રીરામ પરિવાર તથા કુળદેવી મા અર્બુદા, શ્રી રાધાકૃષ્ણ, શ્રી કષ્ટભંજન હનુમાનજી મહારાજ અને અરવલ્લી જિલ્લામાં સૌ પ્રથમ સ્ફટિક શિવલિંગ શ્રી રામેશ્વર મહાદેવના નૂતન મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ તથા નવ કુંડાત્મક મહાવિષ્ણુયાગ યોજાશે. જેમાં ૨૫-૫-૨૦૨૨ તારીખ થી ૨૭-૫-૨૦૨૨ તારીખ સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે. પ્રથમ દિવસે પ્રારંભ, અગ્નિ સ્થાપન, મહાવિષ્ણુયાગ, આરતી રાત્રે ડાયરો યોજાશે સાથે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફેમ બાઘાભાઈ (તન્મય વેકરીયા) ઉપસ્થિત રહેશે.બીજા દિવસે શોભા યાત્રા, મહા વિષ્ણુયાગ, જલાધિવાસ, આરતી, રાત્રે રાસ ગરબા યોજાશે જેમાં પ્રસિદ્ધ ગાયક કલાકાર પાર્થ ચૌધરી ઉપસ્થિત રહેશે. તો ત્રીજા દિવસે પ્રાતઃ પુજન, ધ્વજા આરોહણ, શિખર સ્થાપના, મહા વિષ્ણુયાગ, પ્રાણ પ્રતિષ્ઠા, યજ્ઞ પૂર્ણાહુતિ, મહા આરતી, મહા પ્રસાદ અને સાંજે ધર્મસભા અને ભજન સંધ્યા જેવા વિવિધ કાર્યક્રમો યોજાશે. ત્રણ દિવસ ના આ કાર્યક્રમ માં અનેક સંતો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ માં દાતા શ્રીઓ, સહ યજમાન દાતા શ્રીઓ , પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ના પાટલાના યજમાન દાતા શ્રીઓ સહિત ગામ લોકો અને આજુબાજુ ના ગામ લોકો ઉપસ્થિત રહેશે.આ ભવ્ય આયોજન સદભાવના ચેરીટેબલ ટ્રસ્ટ નવી શિણોલ અને ગ્રામજનો ધ્વારા કરવામાં આવ્યું છે.

## ધનસુરા તાલુકા માં વિવિધ જગ્યાએ કોરોના રસીકરણનો મેગા ડ્રાઈવ કાર્યક્રમ યોજાયો



ધનસુરા તાલુકા માં વિવિધ જગ્યાએ કોરોના રસીકરણ નો મેગા ડ્રાઈવ કાર્યક્રમ યોજાયો હતો.ધનસુરા તાલુકામાં મેગા ડ્રાઈવ અંતર્ગત કોવિડ-૧૯ રસીકરણ સેસનનું આયોજન કરવામાં આવેલ હતું. માન. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને આર.સી.એચ.ઓ.શ્રી મારફતે રસીકરણ સેસનની મુલાકાત લેવામાં આવી હતી. તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડો.જે.કે.પ્રણામી , પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરશ્રી, આર.બી.એસ.કે.ની ટીમ, કોમ્યુનિટી ઓફિસર અને વર્ગ-૩ના કર્મચારીઓ મારફતે કોવિડ-૧૯ રસીકરણ મેગા ડ્રાઈવમાં ૫૫૦ લોકોનું રસીકરણ કરવામાં આવેલ હતું.

ના..ના.. કરતે પ્યાર તુમ્હી સે કર બૈઠે....

# આખરે હાથનો સાથે છોડી કેવલ જોષીયારાએ ૫૦૦ કાર્યકરો સાથે કમળ પકડ્યું

મોડાસા,તા.૨૪

અરવલ્લી જિલ્લાની રાજનીતિમાં સૌથી મોટો ફેરફાર જોવા મળ્યો છે.છેલ્લા પચ્ચીસ વર્ષથી કોંગ્રેસમાં જોડાયેલા સ્વ. ડોક્ટર અનિલભાઈ જોષીયારાનો પરિવાર આજે ભાજપમાં જોડયાઈ જતાં કોંગ્રેસમાં ભારે સોંપો પડી ગયો હોવાની લોકચર્ચાએ જોરદાર જોર પકડ્યું છે.છેલ્લા કેટલાય સમયથી ડો. અનીલભાઈ જોષીયારા ભાજપમાં જોડાવાની વાતો ચાલતી હતો ત્યારે આખરે તમામ અટકળોનો અંત આવી ગયો અને પાંચસો કાર્યકરો સાથે કોંગ્રેસ સાથે છેડો ફાડી ગુજરાત

પ્રદેશ ભાજપ સંગઠન પ્રમુખ સી.આર.પાટીલ એ કેવલ જોષીયારાને આવકાર્યો હતો.

ભિલોડાની આર.જી. બારોટ કોલેજ કેમ્પસ ખાતે ભારતીય જનતા પાર્ટીનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો, પહેલા ભિલોડાની બેઠકના કોંગ્રેસના સ્વ. પીઢ નેતા ડો.અનીલ જોષીયારાના પુત્ર કેવલ જોષીયારાને ભાજપમાં




આ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વિધાનસભાની ચૂંટણી આવકારવાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પાંચસો જેટલા કાર્યકરો ભાજપમાં જોડયા હતા.ભાજપ નેતા કેવલ જોષીયારાએ જણાવ્યું કે, પિતા જે રીતે કામ કરતા હતા તેવી રીતે કામ કરશે અને કોઈ પણ અપેક્ષા વિના ભાજપમાં કામગીરી નિષ્ઠાપૂર્વક બજાવશે. આ સાથે જ તેમણે જણાવ્યું કે, જે રીતે દૂધમાં સાકર ભળી જાય છે તેવી રીતે તેઓ ભાજપ સાથે કામ કરીને લોકો સુધી પહોંચશે. તો આ બાજુ કોંગ્રેસ પાર્ટીમાં પણ એટલી એટકળો ચાલી કે, કેવલ જોષીયારાના ભાજપમાં જોડાવાથી એક મતનો પણ ફરક નહીં પડે અને કોંગ્રેસમાં જગ્યા ખાલી પડી જેથી નવા કાર્યકરને તક મળશે. જોકે હવે જોવાનું એ રહ્યું કે, કોંગ્રેસના પીઢ નેતાના પુત્ર કેવલ જોષીયારાના ભાજપમાં જોડાવાથી ફાયદો કોને થશેપ!!

આજે વિશ્વ પુસ્તક દિવસ : હાઈટેક યુગમાં વિસરાતાં પુસ્તકો

# ધર્મગ્રંથ આધારીત સીરીયલોનું ચલણ વધતાં તેની પણ અસર વર્તાઈ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૪

આજે તા.૨૫ મે. વિશ્વ પુસ્તક દિવસ. માનવીના ઘડતરમાં પુસ્તકો મહત્વના સાબિત થતા આવ્યા છે પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી હાઈટેક યુગના વાયરામાં પુસ્તક પ્રેમ લગભગ અલિપ્ત થવાને આરે છે. કોમ્પ્યુટર તથા મોબાઈલ ફોનમાં માગો તે વાંચન સામગ્રી પળવારમાં મળી જતી હોવાથી ખાસ કરીને યુવાનો પુસ્તકોથી વિમુખ થઈ રહ્યા છે. ટીવી ચેનલોમાં પણ ધર્મગ્રંથ આધારીત સીરીયલોનું ચલણ વધતાં તેની સીધી અસર પુસ્તક વાંચન ઉપર જોવા મળી રહી છે. એવું કહેવાયું છે કે જે ઘરમાં સારા પુસ્તકોની લાયબ્રેરી નથી તે ઘર નર્કસમાન છે. વિશ્વમાં અનેક પ્રકારના દિવસ વર્ષોથી ઉજવાતા આવ્યા છે. વિશ્વના મહાન લેખકો પોતાના વિચારોથી માનવીને ઉપયોગી થાય અને જીવનનો યોગ્ય વિકાસ થાય તેવા પુસ્તકોનું નિર્માણ કરવાની સાથે ધર્મભક્તિની ભાવના વધુ દ્રઢ બને તેવા ધર્મગ્રંથો વર્ષોની મહેનત પછી તૈયાર કરી પુસ્તકોની ભેટ માનવીને અર્પણ કરાય છે. પરંતુ સમય બદલાતાં પુસ્તક પ્રેમ ઓસરવા લાગ્યો છે. જિલ્લામાં મોટા ભાગના ગામડાઓમાં પુસ્તકાલયો આજે મૃતપાય અવસ્થામાં સરી પડ્યાં છે. પુસ્તકાલયમાં વાંચક વર્ગ ઘટી રહ્યો હોવાથી પુસ્તકાલયોના વિકાસની કોઈને પડી નથી. આજે સમગ્ર વિશ્વમાં પુસ્તક દિવસની ઉજવણી થશે અને કર્મશીલો, લેખકો આજના દિન નિમિત્તે પોતાના પ્રવચનમાં પુસ્તકોની જીવનમાં શી જરૂરીયાત છે તે જણાવશે પરંતુ આજની પેઢી કોમ્પ્યુટર અને મોબાઈલ ફોનમાં ગળાડૂબ થઈ જતાં પુસ્તક પ્રેમ ધીરે ધીરે અલિપ્ત થવા લાગ્યો છે.




કારણ આધુનિક યુગના જમાનામાં ઈન્ટરનેટના માધ્યમથી માગો તે વિશ્વના કોઈપણ ખૂણાની લાયબ્રેરીમાંનું પુસ્તક મોબાઈલથી નેટ ઉપર આસાનીથી ઉપલબ્ધ થઈ જતું હોય છે જેથી પુસ્તકોમાં માથું ઝૂકાવી રાખવાને બદલે યુવા વર્ગ વાંચક સામગ્રી એકઠી કરવા માટે આધુનિક સાધનોનો મહત્તમ ઉપયોગ કરતો થયો છે. જિલ્લાની શાળા-મહાશાળાઓમાં પણ સારા પુસ્તકો ખરીદવા માટે સરકાર દ્વારા દર વર્ષે હજારો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવે છે. શિક્ષકો પુસ્તકો ખરીદી લાવે છે પરંતુ તે પુસ્તકો કબાટમાં મૂકાયા પછી ક્યારેય આવતાં નથી. વિશ્વ પુસ્તક દિનની ઉજવણી ત્યારે જ સાર્થક ગણાશે જ્યારે પુસ્તક વાંચનમાં સૌને સામેલ કરાય.

# અરવલ્લી જિલ્લામાં વાત્રક નદી કિનારાના મૂંગા પશુધન માટે નદીમાં પાણી છોડવા માંગ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૪

અરવલ્લી જિલ્લામાં આકરા ઉનાળામાં તળાવો અને ચેકડેમમાંથી પાણી સૂકાઈ ગયાં છે. નદીઓ પણ કોરી ધાક્કોર બની રહી છે ત્યારે વાત્રક જળાશયમાં પાણીના જળવાયેલા જથ્થામાંથી પાણી છોડવામાં આવે તો મૂંગા પશુધનને પીવાના પાણીની હાલાકી દૂર થાય તેમ છે. નદીમાં પાણી છોડાય તો ખેડૂતોને ઉનાળુ વાવેતર માટે ઈરીગેશનનો ફાયદો થાય તેમ હોવાથી વાત્રક જળાશયામાંથી પાણી છોડવા માટે માંગ ઉઠવા પામી છે.

જિલ્લામાં સરકારની સિંચાઈ યોજનાઓમાંથી પાણી છોડાય તેવું બળબળતા તાપમાં ખેડૂતો ઈચ્છી રહ્યા છે. વાત્રક જળાશયની કેનાલોનું મરામત કામ અગાઉ પૂર્ણ થઈ ગયા પછી ઉનાળાની સીઝનમાં વાત્રક નદી કિનારાના ગામો માટે આ કેનાલ મહત્વની બની રહી છે. ગત ચોમાસા દરમ્યાન વાત્રક જળાશયમાં અન્ય જળાશયો કરતા પાણીની મધ્યમ આવક થઈ હતી અને હવે ચોમાસાના દસ્તકની શરૂઆત જોવા મળી છે. જ્યારે વાત્રક નદી કિનારાના ૪૦ થી પણ વધુ ગામોના પ્રજાજનો અને ખેડૂતોએ વાત્રક નદીનો પટ ઝડપથી સૂકાઈ જતાં મૂંગા પશુધન માટે પીવાના પાણીની હાલાકી ઉભી થઈ છે. વાત્રક નદીમાં ૩ સ્થળોએ ચેકડેમ બનાવાતાં ખેડૂતોની ઈરીગેશનથી સિંચાઈ મેળવવાની યોજના નિષ્ફળ ગયા પછી હાલમાં વાત્રક નદી પાણી વગર કોરી ધાક્કોર બની ગઈ છે ત્યારે મૂંગા પશુધનને બચાવી લેવા માટે નદીમાં પાણી છોડાય તેવી માંગ નદી કિનારાના ગામોમાંથી ઉઠવા પામી છે. જ્યારે જળાશયમાં આરક્ષિત પાણીના જથ્થાને ધ્યાનમાં રાખી નદી કિનારાના ગામોની માંગ પ્રમાણે વાત્રક નદીમાં પાણી છોડાય તો પશુપાલકોને ખેડૂતોને પણ સિંચાઈ માટે ઈરીગેશનનો મહત્તમ ફાયદો થાય તેમ છે. જિલ્લામાં તમામ નદીઓ પાણી વગર સૂકી ભઠ્ઠ બની રહી છે ત્યારે વાત્રક નદી કિનારાના ગામોમાં પશુધન માટે ઉભી થયેલી પાણીની હાલાકીને ધ્યાનમાં લેતાં તંત્રએ જળાશયમાંથી પાણી છોડવું જોઈએ તેવું પશુપાલકો અને ખેડૂતો ઈચ્છી રહ્યા છે. ગત વર્ષે નબળા ચોમાસાની ખોટ બળબળતા ઉનાળામાં દેખાઈ છે અને તળાવો, ચેકડેમોની સાથે નદીઓ સૂકી ભઠ્ઠ બની રહી છે ત્યારે નદીઓને જીવંત બનાવવા પાણી છોડાય તો નદી કિનારાના ગામોએ ગુમાવેલી સૌંદર્યતા ઉનાળામાં પણ ખીલી ઉઠે તેમ છે.

## ભારત કોઈની સામે ઝુકતું નથી... સિવાયે કે ભારતનું હિત હોય...!!

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...?

બાયડ તા.૨૪

ઉતરતા ઉનાળે મોસમ અચાનક બદલાય છે...ગમે ત્યારે આકરી ગરમીના વાતાવરણમાં પણ તૈયારીમાં ઠંડા બરફના કરા આકાશમાંથી પડતા હોય છે... વર્ષ ૨૦૨૨ નો ઉનાળો ભારત માટે પણ બિલકુલ આવો જ કંઈક રહ્યો... ભારતની વૈશ્વિક છબી વર્ષ ૨૦૧૪ પછી ધીરે ધીરે સુધરતી જતી હતી અને 'વર્ષ ૨૦૨૨ માં વિશ્વની મહાસત્તા સમા અમેરિકા, રશિયા, ફ્રાન્સ, જર્મની, ચીન, જાપાન, ઓસ્ટ્રેલિયા સહિતના દરેક દેશોને ભાન થઈ ગયું કે ભારત અચાનક ઉતરતા ઉનાળાના જેઠ મહિનાની મોસમની જેમ બદલાઈ ગયું!!' પણ, ભારતની મોસમ વર્ષ ૨૦૧૪ પછી સતત બદલાતી જતી હતી જેનું સ્પષ્ટ પરિણામ વિશ્વની મહાસત્તા બની બેઠેલા દેશોને હમણાં દેખાયું... રશિયા- યુક્રેનના ભીષણ યુદ્ધ દરમ્યાન ભારત કોઈના કહેવામાં ના આવ્યું... ભારતે કોઈનો ડર રાખ્યા વગર પોતાની નીતિ સ્પષ્ટ કરી દીધી કે...'ભારત વૈશ્વિક લેવલે એ જ પગલાં લેશે જેમાં ભારતનું હિત હશે!!

અમેરિકા, યુરોપના દેશો અને ખુદ રશિયાને ભાન થઈ ગયું કે આ નહેરુની કોંગ્રેસના પ્રધાનમંત્રી નથી, આ 'નરેન્દ્ર' છે જે 'ઇન્દ્ર' ની જેમ નિર્ણયો લે છે!! અમેરિકાને એમ હતું કે અમે જેમ કહેશું એમ ભારત હા માં હા પરોવસે, પણ આ નરેન્દ્ર મોદી છે તે કોઈના દબાવમાં આવીને હા પાડે તેવા નેતા બિલકુલ નથી...નરેન્દ્ર મોદીએ કદાચ તેમના ચાલુ કાર્યકાળ દરમ્યાન અન્ય પ્રધાનમંત્રીઓ કરતા વિશેષ વિદેશયાત્રા કરી છે પણ માત્ર ફરવા માટે નહીં, 'મોદીજી વિશ્વના દેશોને ભારતનું મહત્વ સમજાવવામાં સફળ રહ્યા છે...' યુક્રેન-રશિયાના યુદ્ધમાં મોદીજીએ પોતાનો પક્ષ એવો રાખ્યો કે જેની કોઈને કલ્પના પણ નહોતી... રશિયા પણ ખુશ અને તેમના વિરોધીઓ પણ બરફની જેમ ઠંડા હેમ!!

'મોદીજીએ છેલ્લા ૭ વર્ષમાં ભારતનનું ખૂબ સરસ મઠારીને આબેહૂબ ચિત્ર બનાવીને વિશ્વને બતાવ્યું કે ભારત શુ ચીઝ છે?' ભારતને અન્ય દેશોની ગરજ છે એના કરતાં ક્યાંય વધુ ભારતની ગરજ વિશ્વને છે એ સમજાવવામાં મોદીજી એકદમ પરફેક્ટમેન સાબિત થયા!! ચીન આજે સક્ષમ ઈકોનોમી વાળો શક્તિશાળી દેશ હોવા છતાં વિશ્વના રશિયા વિરોધી દેશોને પોતાનું મહત્વ સાબિત કરવામાં અસફળ સાબિત થયું છે જ્યારે ભારત વિદેશનીતિના દરેક મોરચે સૌનું વ્હાલું બનીને રહ્યું... મોદીજીની આ સૌથી મોટી જીત છે!!

દુનિયાના ગણા બધા દેશોની પ્રજા ઈચ્છે છે કે અમારી જોડે પણ એકાદ 'મોદી' હોય!! પોતાના દેશમાં મોદીજી જેવા પ્રધાનમંત્રી નથી તેનો અફસોસ કરવાવાળાની યાદી મોટી છે...પણ ભારતમાં જ કેટલાક લોકોને હજૂય 'રાહુલજી' ના સપના આવે છે કે રાહુલ ગાંધી પ્રધાનમંત્રી બને... સિર્ફ અંગત સ્વાર્થ ના રાખતા રાષ્ટ્રનો વિચાર કરવામાં આવે તો વર્તમાન ભારતમાં 'મોદીજીનો કોઈ વિકલ્પ નથી!! ભારતની પ્રતિષ્ઠા અને આબરૂ જ જેમનો ધ્યેય હોય તેવા પ્રધાનમંત્રી ભાગ્યશાળી દેશને મળે, બાકી લંકા અને પાકિસ્તાન જેવા ૧૦૦ જેટલા દેશો અંદર અંદર ખલાસ થઈને રહી ગયા અને દુનિયાને મોં બતાવવા જેવા પણ ના રહ્યા...

# કેવલને કમળ ફળે કે ન ફળે ખિસ્સા કાતરુઓને કેવલનો ભાજપ પ્રવેશ ફળ્યો, હજ્જારો રૂપિયાની ચોરી

**ભિલોડામાં સી. આર પાટિલની સભામાં ખુદ કેવલ જોષીયારાનું ખિસ્સું કપાયું : કેવલ જોષીયારા સહિત ૧૦ થી વધુ લોકો ખિસ્સા કાતરુંનો ભોગ બન્યા..!! : કેવલ જોષીયારાને તેમની બહેને સુકુનમાં આપેલ ૨૧ હજાર રૂપિયા ચોરાયા**

મોડાસા,તા.૨૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના ડાકલા વાગી રહ્યા છે ભાજપનો ભરતી મેળો યથાવત રહ્યો છે સ્વ.ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારાના પુત્ર જોષીયારા આજે ભિલોડામાં પ્રદેશ પ્રમુખ સી.આર



પાટીલની ઉપસ્થિતિમાં ભાજપમાં જોડાયા હતા ભિલોડા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ખિસ્સા કાતરુઓ ત્રાટક્યા હતા અને ભાજપમાં જોડાયેલ કેવલ જોષીયારા તેમના નિકટતના સ્વજન સહીત ૧૦ થી વધુ લોકોના ખિસ્સા કપાતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યા હતા ખિસ્સાકાતરુંઓ હજ્જારો રૂપિયાની ચોરી કરી હવામાં ઓગળી ગયા હતા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ખિસ્સાકાતરુઓ કળા કરી જતા પોલીસની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા હતા.

મંગળવારે ભિલોડા-મેઘરજના સ્વ.ધારાસભ્ય અનિલ જોષીયારાના પુત્ર કેવલ જોષીયારાના ભાજપ પ્રવેશ પ્રસંગે યોજાયેલ જાહેરસભામાં કેવલ જોષીયારા તેમના જીજાજી અમિત કુમાર સુરેન્દ્રભાઈ ટંડનના ૫૦ હજાર અને તેમજ અન્ય ૧૦ જેટલા વ્યક્તિઓના ખિસ્સા કપાતા રૂપિયા સાથે જરૂરી ડોક્યુમેન્ટ પણ ગુમાવવા પડ્યા હતા મનીષભાઈ નામના વ્યક્તિનો મોબાઈલ ચોરાયો હતો જાહેરસભામાં ખિસ્સા કાતરુઓ કળા કરી પલાયન થઈ ગયા હતા ધીરેધીરે સભામાં હાજર અનેક લોકોના ખિસ્સા કપાતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

કેવલ જોષીયારાનું ખિસ્સું કપાતા લોકોમાં કેવલ જોષીયારાનો ભાજપમાં પ્રવેશ ફળે કે ન ફળે પણ ખિસ્સા કાતરુંઓને કેવલ જોષીયારાનો ભાજપ પ્રવેશ ફળ્યો હોવાની ટીખળ કરતા નજરે પડતા હતા

તળાવો ઉંડા કરવામાં અધિકારી-વચેટીયાઓ માલામાલ

# સાબરકાંઠા-અરવલ્લીમાં તળાવો ઉંડા કરી માટી ઉંચા ભાવે બિલ્ડર લોબીને પધરાવી દીધી

## મીલીભગતવાળી મંડળીઓને સૌથી વધુ કામ આપ્યાના આરોપ

હિંમતનગર, તા.૨૪

સાબરકાંઠા-અરવલ્લીમાં તળાવો ઉંડા કરવાની કામગીરી દિવસ-રાત ચાલી રહી છે જેમાં મીલીભગત ધરાવતી મંડળીઓને શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તળાવ ઉંડા કરવા માટે કામગીરી આપ્યા પછી અધિકારીઓ મંડળીઓ અને બિલ્ડરોની પાસેથી ખીસાં ભરી માલામાલ થઈ રહ્યાની વિગતો સામે આવી છે. જ્યારે અધિકારીઓના વચેટીયા કમીશન નક્કી કરતા હોવાના પૂર્વ પટામાં આરોપ લાગ્યા છે.

સરકાર દ્વારા જળસંચય યોજના હેઠળ ૬૦૦ થી વધુ તળાવો ઉંડા કરવા માટે કામગીરી શરૂ થઈ છે. મનરેગાના કામોમાં પણ યાંત્રિક મશીનરીનું ઉપયોગ થતો હોવાનો આરોપ લાગ્યા છે. તળાવ ઉંડા કરવામાં માટી બિલ્ડરોએ ખરીદેલી મોંઘી જમીનમાં મામૂલી ભાવે પુરણ કામ કરી સરકારી તિજોરીને મોટું નુકસાન ભ્રષ્ટ અધિકારીઓ પહોંચાડતા હોવાના આરોપ છે. તળાવની માટી ખેતરમાં નાખવા માંડ અડધા ફૂટથી દોઢ ફૂટ સુધી પુરણ કરાયા પરંતુ ખીસાં ભરવા મુકાયેલા વિભાગના અધિકારીઓએ તળાવોની માટી ખેતરોમાં ૫ થી ૧૦ ફૂટ પુરણ કરવાનું પ્રયોજન શું હોઈ શકે ? જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી શરૂ થતાંની સાથે મળતીયાઓએ યેનકેન પ્રકારે પોતાની મંડળીઓને કામ અપાવી દીધું અને પછી અધિકારીઓ અને બિલ્ડરો સાથે તેમની ઓફિસોમાં બેઠક કરી સસ્તા ભાવે પુરણમાં બંને પક્ષે પૈસા ખંખેરવાના સોદા થયાની સનસનીખેજ વિગતો સામે આવી છે. સરકાર દ્વારા રાજ્ય કક્ષાએથી ઓચિંતી ટીમો મોકલી તળાવ ઉંડા કર્યા પછી માટી ક્યાં નાંખવામાં આવે છે તેની તપાસ થાય તો અનેક અધિકારીઓ બિલ્ડરના ખોળામાં બેઠા હોવાની સનસની વિગતોનો પર્દાફાસ થઈ શકે છે. જિલ્લામાં માટી ચોરી કૌભાંડમાં ખાણ-ખનીજ વિભાગના મળતીયાઓ પણ મેદાનમાં ઉતરતાં સિંચાઈ વિભાગ ઉપરાંત ખાણ-ખનીજ વિભાગએ પણ બિલ્ડર લોબીની દુખતી નસ દબાવ્યાનું ચર્ચામાં છે.

### એકના એક ખેતરમાં લાખો ક્યુબીક માટીના ઢગ ખડકાયાં

હિંમતનગર : સુત્રોએ આપેલી જાણકારી મુજબ તળાવની માટી ખેડુતોના ખેતરમાં નાખવાના પરીપત્ર થયેલા છે પરંતુ હાઈવે સાઈટની તેમજ બાંધકામ સાઈટ આસપાસની જમીનો અનેક બિલ્ડરોએ ખરીદી છે પરંતુ દસ્તાવેજ કર્યા નથી અને ખેતી લાયક જમીનનો દુરઉપયોગ કરી એકના એક ખેતરમાં લાખો ક્યુબીક માટીના ઢગ ખડકાયા છે. તેની ઉચ્ચ કક્ષાએથી તપાસ થાય તો તળાવ ઉંડું કર્યા પછી માટી વેચીમારી ખીસાં ભરી મહાકૌભાંડ પ્રકાશમાં આવી શકે છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વૃક્ષોથી ઘેરાયેલા વિજ તાર ચોમાસામાં જાનહાની નોંતરશે

### વિજ તંત્રનો એક્શન પ્લાન કાગળ પર અમલી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સરકારી વિભાગોમાં ચોમાસાની આગોતરી તૈયારીઓનો એક્શન પ્લાન અમલી બનાવી કામગીરી હાથ ધરાઈ છે પરંતુ રેઢીયાર મનાતા વિજ તંત્રનો એક્શન પ્લાન માત્ર કાગળ ઉપર અમલી બનાવ્યો હોય તેમ તમામ વિસ્તારોમાં હાઈટેન્શન વિજ તાર વૃક્ષોથી ઘેરાયેલા જોવા મળી રહ્યા છે. આગામી ચોમાસામાં વાવાઝોડા સાથેના વરસાદ સાથે આવા વિજ તાર જાનહાની નોંતરે તેવી ભીતી છતાં તંત્ર આળસ ખંખેરવા તૈયાર ન હોવાથી વરસતા વરસાદમાં વિજ તારથી આફત ઉભી થવાની દહેશત સેવાઈ રહી છે.

જિલ્લામાં દર વર્ષે ચોમાસામાં વિજ થાંભલા તથા વિજ ડીપીમાંથી કરંટ ઉતરવાના બનાવો નોંધાતા હોય છે. અગાઉ અનેક મૂંગા પશુઓ વિજ તંત્રની બેદરકારીથી કરંટનો ભોગ બની ચૂક્યા છે અને ચોમાસામાં કરંટ ઉતરવાના બનાવોનું જોખમ વધી જતું હોવાથી ચોમાસા પૂર્વે મેન્ટેનન્સની કામગીરી ઉપરાંત વિજ તારને નડતરરૂપ વૃક્ષો દૂર કરવાની કામગીરી હાથ ધરાતી હોય છે. જિલ્લામાં ચોમાસુ નજીક આવતાં સરકારી તંત્રએ ચોમાસાને અનુલક્ષી કામગીરી શરૂ કરી દીધી છે ત્યારે વિજ તંત્ર કોઈ આફત આવે તેની રાહ જોઈને બેઠું હોય તેમ હાઈટેન્શન વિજ તાર વૃક્ષોથી ઘેરાઈ ગયા હોવા છતાં વૃક્ષોનાં ડાળખાં દૂર કરવાની ફૂરસદ લીધી નથી. જિલ્લામાં વિજ તંત્રનો એક્શન પ્લાન માત્ર કાગળ ઉપર અમલી બનાવાયો હોય તેમ વિજ તારને નડતરરૂપ વૃક્ષો હજુ સુધી દૂર કરાયા ન હોવાથી આગામી દિવસોમાં કરંટ ઉતરવાથી માંડી વિજ તાર મોટી જાનહાની કરશે તેવું દેખાઈ રહ્યું છે.